સુવિચાર : જીવનને અમર બનાવવાની કોશિશ ન કરો, જેટલું પણ જીવન હવે બાકી છે તેને પૂરી રીતે માણો - અખંડ આનંદ

**તાપમાન**
મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૩૨ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૨૩ | ૪ ફેબ્રુઆરી, ૨૦૧૬, ગુરૂવાર ; પોષ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# સતત ત્રીજા દિવસે શેરબજારમાં મંદી

## ક્રૂડની કિંમત ફરીથી ઘટી : નિફ્ટી ૭૪૦૦થી પણ નીચે પહોંચી ગયો : સેંસેક્સ વધુ ૩૧૬ પોઈન્ટ ઘટીને ૨૪૨૨૩ તેમજ નિફ્ટી ૯૪ પોઈન્ટ ઘટી ૭૩૬૨ની નીચી સપાટીએ



મુંબઈ,તા. ૩

શેરબજારમાં આજે પણ તીવ્ર મંદીનું મોજુ રહ્યું હતું. સતત ત્રીજા દિવસે મંદી રહેતા અફડાતફડી રહી હતી. ફાઈનાન્સિયલ શેરોમાં તીવ્ર કડાકો બોલાઈ ગયો હતો. ઓઈલ શેરમાં પણ ઘટાડો રહ્યો હતો. વૈશ્વિક ક્રૂડની કિંમતમાં ફરીવાર ઘટાડો શરૂ થયો છે. આજે કારોબારના અંતે સેંસેક્સ ૩૧૬ પોઈન્ટ ઘટીને ૨૪૨૨૩ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૯૪ પોઈન્ટ ઘટીને ૭૩૬૨ની સપાટીએ રહ્યો હતો. બ્રોડરમાર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧.૩-૨.૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થ નકારાત્મક રહી હતી. ૨૦૮૪ શેરમાં મંદી અને ૫૭૮ શેરમાં તેજી રહી હતી. વૈશ્વિક ક્રૂડ ઓઈલની કિંમત ૩૦ ડોલરની સપાટી ગુમાવી ચુકી છે. તેમાં વધુ ઘટાડો જોવા મળ્યો છે. ફાઈનાન્સિયલ શેરોની વાત કરવામાં આવે તો એચડીએફસી, એચડીએફસી બેંક, આઈસીઆઈસી બેંક, એસબીઆઈ, એક્સીસ બેંકમાં ૧.૧-૩.૧ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. ઓટોના શેરમાં મંદી રહી હતી. એમ એન્ડ એમ, તાતા મોટર્સ, હિરો મોટોમાં ૦.૨-૨.૮ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. મેટલના શેરમાં પણ મંદી રહી હતી. એશિયન બજારમાં અફડાતફડી જોવા મળી હતી. નિક્કીમાં ૩.૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. શાંઘાઈ કમ્પોઝિટમાં ઉછાળો રહ્યો હતો. હેંગસેંગમાં ૨.૪ ટકાનો ઘટાડો રહ્યો હતો.

# અનુપમ ખેરનો પાકિસ્તાની વિઝા સ્વીકારવા સાફ ઈન્કાર

**કરાંચીમાં શુક્રવારથી સાહિત્ય મહોત્સવ : નંદિતા દાસ, ખુરશીદને આમંત્રણ શરૂઆતમાં ઇન્કાર કર્યા બાદ પાકિસ્તાને વિઝાની ઓફર કરી પણ ફગાવાઈ**



નવી દિલ્હી,તા. ૩

બોલીવુડના લોકપ્રિય અભિનેતા અનુપમ ખેરને વિઝા આપવાને લઈને નવો વિવાદ છેડાયેલો છે. પાકિસ્તાનના કરાંચી શહેરમાં એક સાહિત્ય ઉત્સવમાં ભાગ લેવા માટે અભિનેતા અને ભાજપના શુભેચ્છક અનુપમ ખેરને વિઝા આપવાનો મંગળવારના દિવસે ઈન્કાર કરાયા બાદ પાકિસ્તાને આજે અનુપમ ખેરને વિઝા આપવા માટે તૈયારી દર્શાવી હતી. જો કે, અનુપમ ખેરે પાકિસ્તાનની વિઝાની નવી ઓફરને ફગાવી દીધી હતી. પ્રાપ્ત માહિતી મુજબ અનુપમ ખેરને પાકિસ્તાન વિઝા આપવા માટે તૈયાર થઈ ગયું છે. પાકિસ્તાનના હાઈકમિશ્નરે અનુપમ ખેરને વિઝા લેવાની અપીલ કર હતી અને વિઝા માટે અરજી કરવા માટે કહ્યું હતું.

અનુપમ ખેરે વિઝા લેવાનો ઈન્કાર કરી દીધો હતો. અબ્દુલ બાસિતે અનુપમ ખેરને ફોન કર્યો હતો અને વિઝા લેવા માટે અપીલ કરી હતી. પાકિસ્તાનના હાઈકમિશનર અબ્દુલ બાસિતે અભિનેતા અનુપમ ખેર સાથે વાતચીત કરી હતી અને પાકિસ્તાનની યાત્રા કરવા માટે વિઝા માટે અરજી કરવા માટે અપીલ કરી હતી. જો કે, અનુપમ ખેરે એમ કહીને આ અરજીને ફગાવી દીધી હતી કે નિર્ધારિત તારીખોને લઈને તેમના કાર્યક્રમો પહેલાથી જ નક્કી થઈ ચુક્યા છે. પાકિસ્તાન હાઈકમિશનરના અધિકારીઓએ કહ્યું હતું કે, બાસિતે ગઈકાલે અનુપમ ખેર સાથે વાત કરી હતી. આ અગાઉ અનુપમ ખેરે કહ્યું હતું કે, તેમને કરાંચી સાહિત્ય ઉત્સવમાં સામેલ થવા માટે વિઝા આપવાનો ઈન્કાર કરી દેવામાં આવ્યો છે.

# સુબ્રતો રોયની મુક્તિ માટે હોટેલ અને વિમાન વેચાશે

## સુપ્રીમ કોર્ટમાં નવી દરખાસ્ત સહારાએ રજૂ કરી

નવી દિલ્હી,તા. ૩

છેલ્લા ઘણા સમયથી જેલમાં રહેલા સહારા ગ્રુપના વડા સુબ્રતો રોયને મુક્ત કરાવી લેવા માટે જરૂરી નાણાં એકત્રિત કરવાના પ્રયાસો કંપની દ્વારા કરવામાં આવી રહ્યા છે. સહારા ગ્રુપ દ્વારા પોતાની સંપત્તિને વેચીને નાણાં ઉભા કરવાના પ્રયાસો છેલ્લા કેટલાક દિવસથી કરાઇ રહ્યા હોવાની વિગત હવે સપાટી પર આવી છે. સહારા ગ્રુપ દ્વારા સુપ્રીમ કોર્ટમાં આ અંગેની માહિતી આપી દીધી છે. સુપ્રીમ કોર્ટમાં નવી દરખાસ્તો રજૂ કરવામાં આવી છે. ચીફ જસ્ટીસ તીરથી સિંહ ઠાકુર, જસ્ટીસ એઆર દવે અને જસ્ટીસ એકે સિકરીની બનેલી બેંચ સમક્ષ દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. આ દરખાસ્ત અંગે સુપ્રીમ કોર્ટે હવે સેબી પાસેથી ચાર સપ્તાહમાં જવાબ માંગ્યો છે.

# દાઉદ પાકિસ્તાનમાં જ છે : બ્રિટન

નવી દિલ્હી,તા. ૩

બ્રિટનો જે લોકો ઉપર નાણાંકીય પ્રતિબંધો મુક્યા છે તેમાં અન્ડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ એકમાત્ર ભારતીય છે. બ્રિટને કબૂલાત કરી છે કે, દાઉદ પાકિસ્તાનમાં છુપાયેલો છે. બ્રિટનની પ્રતિબંધિત યાદીમાં તેની ચાર સંપત્તિઓનો સમાવેશ થાય છે.

આ યાદીમાં શીખ આતંકવાદી સંગઠન પણ છે. દાઉદ ભારતમાં મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓની યાદીમાં રહેલો છે તેની સામે આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર પણ ધરપકડ વોરંટ જારી કરવામાં આવી ચુક્યું છે. તેનું નામ બ્રિટનમાં નાણામંત્રાલયની યાદીમાં રહેલું છે. આ યાદીને ૨૭મી જાન્યુઆરીના દિવસે વધુ વિસ્તૃત કરવામાં આવી હતી જેમાં દાઉદના ચાર સરનામા આપવામાં આવ્યા છે. આ ચારેય સરનામા પાકિસ્તાનના કરાંચીમાં છે.

રેકોર્ડ મુજબ દાઉદ ઈબ્રાહિમ કાસ્કર ઘરનં. ૩૭, ૩૦વીં ગલી, રક્ષા, હાઉસિંગ ઓથોરિટી કરાંચી, પાકિસ્તાન, બીજુ સરનામુ ઘર નંબર ૨૯, મરગલા રોડ, એફ ૬:૨, ગલી નંબર ૨૨, કરાંચી પાકિસ્તાન, ત્રીજી સરનામુ નૂરબાદ કરાંચી, પાકિસ્તાન અને ચોથુ વ્હાઈટ હાઉસ, દાઉદ મસ્જિદની નજીક, કલીફટન કરાંચી, પાકિસ્તાનનો સમાવેશ થાય છે. મુંબઈમાં જન્મેલા ગેંગસ્ટરની રાષ્ટ્રીયતા અથવા તો નાગરિકતામાં ભારતીય લખેલું છે. તેના ભારતીય પાસપોર્ટનો ઉલ્લેખ કરાયો છે જેમાં ભારત સરકારે અવધિ પુરી કરેલી જાહેર કરી છે.

# કચ્છમાં શાહરૂખ ખાનના શુટીંગ સામે દેખાવો

ભૂજ, તા.૩

કચ્છના માંડવી અને ભૂજ ખાતે વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો દ્વારા શાહરૂખ ખાનના આગામી ફિલ્મના શુટીંગ સામે ઉગ્ર વિરોધ નોંધાવતા દેખાવો કર્યા હતા. ભૂજ કલેક્ટર કચેરી પાસે શુટીંગ માટે પરવાનગી રદ કરવાની માંગણી કરાઈ હતી. દેશમાં અસહિષ્ણુતા સંદર્ભે શાહરૂખ ખાને કરેલા વિધાનો સામે દેખાવો યોજાયા હતા. દેખાવકારોની માંગણી હતી કે, શાહરૂખ ખાન જાહેરમાં માફી માગે તો જ શુટીંગ માટેની પરવાનગી આપવી જોઈએ. શુટીંગ સેટની આસપાસ વહીવટી તંત્ર દ્વારા જડબેસલાક બંદોબસ્ત ગોઠવાયો હતો. આમ છતાં વિશ્વ હિન્દુ પરિષદના યુવાનો દ્વારા શાહરૂખ ખાનના પોસ્ટરોની હોળી કરાઈહતી.






# એલજી મેડિકલ કોલેજમાં પીજીની ૪૦ બેઠકોને મંજુરી

## મેડિકલ કાઉન્સિલ સમક્ષ રજૂઆત કરાઈ હતી : મુખ્યમંત્રીના પ્રયાસોને સફળતા મળી

અમદાવાદ, તા.૩

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત એલ જી મેડીકલ કોલેજમાં પોસ્ટ ગ્રેજ્યુએટની ૪૦ બેઠકો મંજુર કરવામાં આવી છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલે અંગત રસ લઈ પ્રયાસ કર્યો હતો. જેના ભાગરૂપે કેન્દ્રિય આરોગ્ય મંત્રાલયે એલ જી મેડીકલ કોલેજમાં પોસ્ટ ગ્રેજ્યુએશનની ૪૦ બેઠકો મંજુર કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, એલ જી મેડીકલ કોલેજ દ્વારા પી જીનો અભ્યાસક્રમ શરૂ કરવા મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા સામે દરખાસ્ત રજુ કરી હતી. જેના સંદર્ભમાં તા.૧૮મી જાન્યુઆરી ૨૦૧૬ના રોજ એમ સી આઈની એકઝીક્યુટિવ કમિટિએ અમદાવાદની એલ જી મેડીકલ કોલેજનું ઈન્સપેકશન કર્યું હતું અને દિલ્હી જઈ પી જી અભ્યાસક્રમને મંજુરી આપવાની સાથે મેડીકલ બેઠકોની ફાળવણી કરવાની દરખાસ્ત કેન્દ્રના આરોગ્ય મંત્રાલયને મોકલી આપી હતી. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આ અંગે અંગત રસ દાખવી કેન્દ્રિય આરોગ્ય વિભાગને આ દરખાસ્તને વહેલી તકે બહાલી આપવાની વિનંતી કરી હતી. જેના ભાગરૂપે કેન્દ્રિય આરોગ્ય મંત્રાલય તરફથી એલ જી મેડિકલ કોલેજના પોસ્ટ ગ્રેજ્યુએટની ૪૦ બેઠકોને આજે મંજુરી આપી હતી.

# અમદાવાદમાં સ્કૂલ વાહનોની હડતાળથી ભારે હાલાકી

**પરીક્ષાઓના સમયે જ વિદ્યાર્થીઓને મુશ્કેલી : હાઈકોર્ટે લાલઆંખ કર્યા બાદ પોલીસે અંતે સ્કૂલ વર્ધીના વાહન અટકાયતમાં લેવાની શરૂઆત કરતા હડતાળ શરૂ**

અમદાવાદ, તા.૩

સ્કૂલ વાહનોની અચોક્કસ મુદતની હડતાળના કારણે આજે વિદ્યાર્થીઓ અને વાલીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. ખાસ કરીને પરીક્ષાઓ હાલ ચાલી રહી છે જેથી વિદ્યાર્થીઓને ફરજિયાતપણે પહોંચાડવાની વાલીઓને ફરજ પડી હતી. સવારના ગાળામાં ઠંડીના માહોલમાં વાલીઓને બહાર નિકળવાની ફરજ પડી હતી. વાલીઓમાંપણ આને લઈને નારાજગી અને ચિંતા જોવા મળી હતી. સ્કૂલ વાહનોની હડતાળ હજુ જારી રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. વધારે પડતા બાળકો સ્કૂલ વાહનોમાં બેસાડવાના મુદ્દે હાઈકોર્ટે લાલ આંખ કર્યા બાદ પોલીસે કાર્યવાહી શરૂ કરી હતી અને સ્કૂલ વર્ધીના વાહનોને પણ અટકાયતમાં લેવાની શરૂઆત કરી હતી જેને લઈને સ્કૂલ વર્ધી વાહન એસોસિએશન દ્વારા સમગ્ર શહેરના અચોક્કસ મુદતની હડતાળની શરૂઆત કરવામાં આવી હતી. ઘણી સ્કુલોમાં સેમેસ્ટર પરીક્ષા શરૂ થઈ રહી છે. ત્યારે વર્ધીવાળાની આ હડતાળથી આખરે તો સ્કુલમાં ભણતા બાળકો-વાલીઓએ પીડાવાનો વારો આવ્યો છે.




